# લોગસ્સ સૂત્ર

પ્રાચીન અને મધ્યકાલીન જૈન સાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. જગતના જુદા જુદા ધર્મોના પ્રાચીન સાહિત્યમાં વિષયો, પ્રકારો, મૌલિક તત્ત્વચિંતન વગેરેની દૃષ્ટિએ જૈન સાહિત્ય જેટલું સમૃદ્ધ ભાગ્યે જ અન્ય કોઈ સાહિત્ય જોવા મળશે. હજારો જૈન કૃતિઓ હજુ અપ્રકાશિત છે અને હસ્તપ્રતોમાં સચવાયેલી છે. ભિન્ન ભિન્ન જ્ઞાનભંડારોમાં સચવાયેલી કુલ વીસ લાખથી વધુ પ્રાચીન હસ્તપ્રતોનું અસ્તિત્વ એ સમગ્ર વિશ્વમાં ભાષા અને સાહિત્યની એક વિરલ અદ્વિતીય ઘટના છે.

જૈન સાહિત્ય દરેક તીર્થંકરના સમયમાં દ્વાદશાંગીમાં શ્રુતપરંપરારૂપે હોય છે. કાળના પ્રવાહમાં તે લુપ્ત થઈ ગયું હોય છે. હાલ ઉપલબ્ધ જૈન સાહિત્ય છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના કાળથી, અઢી હજાર વર્ષ કરતાં વધુ સમયથી સર્જાતું આવ્યું છે. વિવિધ કક્ષા અને પ્રકારના જીવો માટે નિર્માયેલા વિવિધ પ્રકારના વિપુલ સાહિત્યમાંથી આરાધકો માટે મંત્રસાહિત્ય, સૂત્રસાહિત્ય અને સ્તોત્રસાહિત્ય મહત્ત્વનું મનાયું છે. મંત્રમાં નવકારમંત્રનો, સૂત્રમાં લોગસ્સ સૂત્રનો અને સ્તોત્રમાં ભક્તામર સ્તોત્રનો સવિશેષ મહિમા રહેલો છે. કોઈ પણ ભેદભાવ વિના તમામ જૈનોને તે માન્ય છે અને વિશેષ પ્રચારમાં છે. લોગસ્સ સૂત્રની મહત્તા એ છે કે સૂત્ર હોવા છતાં સ્તોત્ર જેટલો આનંદ તે આપે છે, કારણ કે એની પંક્તિઓ કવિતાની અને ભક્તિની ભરતીનો અનુભવ સાચા ભક્તને કરાવે એવી છે.

લોગસ્સ સૂત્રનો મૂળ પાઠ નીચે પ્રમાણે છે :

**लोगस्स उज्जोअगरे धम्मतित्थयरे जिणे।**
**अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली।।१।।**

**उसंभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे।।२।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च।
विमलमणं तं च जिणं, धम्मं संतिं च वंदामि।।३।।

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च।।४।।

एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु।।५।।

कित्तिय-वंदिय-महिया, जे लोगस्स उत्तमा सिद्धा।
आरुग्ग बोहि-लाभं, समाहिवरमुत्तमं दिंतु।।६।।

चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पयासरा।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु।।७।।

લોગસ્સ સૂત્રનો શબ્દાનુવાદ નીચે પ્રમાણે છે :

લોકને પ્રકાશનારા, ધર્મતીર્થ પ્રવર્તાવનારા, જિનેશ્વર એવા ચોવીસે અર્હંત કેવળીઓનું હું કીર્તન કરીશ. ૧

શ્રી ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમિતનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભને હું વંદન કરું છું. ૨

શ્રી સુવિધિનાથ અપરનામ પુષ્પદંત, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ તથા શાંતિનાથને હું વંદન કરું છું. ૩

શ્રી કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નેમિનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ તથા વર્ધમાન(એટલે શ્રી મહાવીરસ્વામી)ને હું વંદન કરું છું. ૪

એવી રીતે મારા વડે અભિમુખ ભાવે સ્તવાયેલા, કર્મરૂપી રજ અને મળનો નાશ કરનારા, જરા અને મરણથી મુક્ત થયેલા એવા ચોવીસ જિનેશ્વરો અને તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. ૫

જેઓ જગતના ઉત્તમ સિદ્ધ પુરુષો તરીકે સ્તવાયેલા, વંદાયેલા અને પૂજાયેલા છે તેઓ મને આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિ આપો. ૬

જેઓ ચંદ્રો કરતાં વધુ નિર્મળ છે, સૂર્યો કરતાં વધુ પ્રકાશ કરનારા છે, શ્રેષ્ઠ સાગર કરતાં વધુ ગંભીર છે એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધગતિ આપો. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોગસ્સ સૂત્રનો પ્રત્યેક શબ્દ સપ્રયોજન અને અર્થગર્ભિત છે. આ સૂત્રમાં તીર્થંકરોની સ્તુતિ હોવાને કારણે તીર્થંકરોનાં ગુણલક્ષણરૂપ મહત્ત્વના શબ્દો એમાં ગૂંથી લીધા છે, જેમ કે (૧) લોગસ્સ ઉજ્જોઅગર – ષડ્દ્રવ્યાત્માક ચૌદ રાજલોકના સંપૂર્ણ સ્વરૂપને પ્રકાશનારા અથવા પંચાસ્તિકાયરૂપી લોકનો કેવળજ્ઞાનરૂપી ભાવોદ્દ્યોત વડે પ્રકાશ કરવાના સ્વભાવવાળા. (૨) ધમ્મતિત્થયર – ધર્મરૂપી તીર્થ પ્રવર્તાવી ભવસાગરમાં ડૂબતા જીવોને તારનારા, તથા સમવસરણમાં બિરાજમાન થઈ અતિશયયુક્ત વાણી દ્વારા અપૂર્વ દેશના આપી જીવોને સન્માર્ગે વાળનારા તથા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી શાસન પ્રવર્તાવનારા. (૩) જિન – રાગ અને દ્વેષને જીતનારા, ચાર ઘાતી કર્મોનો નાશ કરનારા. (૪) અરિહંત – અરિ એટલે શત્રુ. ઇન્દ્રિયો, વિષયો, કષાયો, પરીષહો, ઉપસર્ગો ઇત્યાદિ રૂપ અરિ અથવા કર્મ રૂપી અરિને હણનારા તે અરિહંત. અરિહંત શબ્દ અર્હત્ શબ્દ ઉપરથી હોય તો વંદન, પૂજન, સત્કારને યોગ્ય, તથા સિદ્ધગમનને જે યોગ્ય છે, જેઓ અષ્ટ મહાપ્રાતિહાર્યથી અને અતિશયોથી યુક્ત છે તે અરિહંત. (૫) કેવલી – જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, જેઓ કેવળજ્ઞાન દ્વારા પંચાસ્તિકાયાત્મક સંપૂર્ણ લોકને પ્રકાશનારા છે. (૬) વિહુય-રય-મલા – રજ એટલે ધૂળ અને મલ એટલે મેલ. રજ અને મલ એટલે કર્મરૂપી કચરો, એ જેમણે ખંખેરી નાખ્યો છે, સાફ કરી નાખ્યો છે, તે. રજ એટલે બંધાતું કર્મ અને મલ એટલે બંધાયેલું કર્મ અથવા રજ એટલે બંધાયેલું કર્મ અને મલ એટલે નિકાચિત કર્મ. (૭) પહીણજરમરણા – જરા (વૃદ્ધાવસ્થા) અને મૃત્યુ જેમનાં નષ્ટ થઈ ગયાં છે, જેઓ સિદ્ધ થઈ ગયા છે. (૮) જિણવરા – જિનવરો. (૯) તિત્થયરા – તીર્થંકરો. (૧૦) લોગસ્સ ઉત્તમા – પ્રાણીલોક તથા સુર- અસુર લોકમાં જે ઉત્કૃષ્ટ છે. (૧૧) સિદ્ધા – સિદ્ધગતિને, શિવગતિને, મોક્ષગતિને પામેલા. (૧૨) ચંદેસુ નિમ્મલયરા – જેઓ અનેક ચંદ્રો કરતાં વધુ નિર્મળ છે. (૧૩) આઇચ્ચેસુ અહિયં પયાસયરા – જેઓ અનેક આદિત્યો એટલે કે સૂર્ય કરતાં વધુ પ્રકાશનારા છે. (૧૪) સાગરવરગંભીરા – જેઓ શ્રેષ્ઠતમ સાગર અર્થાત્ સ્વયંભૂરમણ સમુદ્ર જેવા અથવા તેથી વધુ ગંભીર છે. (૧૫) સિદ્ધા – મોક્ષગતિને પામેલા.

આમ લોગસ્સ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોનાં નામ સૂત્રશૈલીએ અને મંત્રસ્વરૂપે વણી લેવા સાથે તીર્થંકર પરમાત્માને માટે વપરાતા વિવિધ શબ્દો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સરસ રીતે ગૂંથી લેવાયા છે. તે પ્રત્યેક શબ્દમાં ઘણો ઘણો અર્થવિસ્તાર કરવાની ક્ષમતા રહેલી છે.

લોગસ્સમાં તીર્થંકર માટેના શબ્દો ઉપરાંત કિત્તિય, વંદિય, મહિયા, અભિથુઆ અને પસીયંતુ, આરુગ્ગ, બોહિલાભં, સમાહિવર, સિદ્ધ વગેરે શબ્દો પણ અર્થસૂચક રીતે યથાક્રમે પ્રયોજાયા છે. તે દરેકનો પણ ઠીક ઠીક અર્થવિસ્તાર થાય છે.

ચોવીસ તીર્થંકરોનું નામસ્મરણ, સ્તવન, ધ્યાન આટલું બધું કેમ મહત્ત્વનું મનાયું છે તે આ શબ્દોના અર્થવિસ્તાર દ્વારા અનુપ્રેક્ષા કરીએ તો સહજ પ્રતીત થશે ! અલબત્ત, ચોવીસ તીર્થંકરોની એટલે કે અર્હત્ તત્ત્વની, આર્હન્ત્યની ઉપાસના કરવાની પાત્રતા મળવી એ જ ઘણી દુર્લભ વાત છે.

લોગસ્સ સૂત્રની સાત ગાથાઓમાંથી પહેલી ગાથા મંગલાચરણની છે. તેમાં સૂત્રકાર તીર્થંકરોની સ્તુતિ કરવાની પોતાની પ્રતિજ્ઞા દર્શાવે છે. પછીની ત્રણ ગાથા ચોવીસ તીર્થંકરોનાં નામસંકીર્તનની, ભાવવંદનની ગાથાઓ છે. આ ગાથાઓ મંત્રગાથા તરીકે ઓળખાય છે. વંદન, પૂજન તથા પ્રાર્થના-યાચનાની છેલ્લી ત્રણ ગાથાઓ પ્રણિધાનની – અનુપ્રેક્ષાની ગાથાઓ છે.

લોગસ્સની પાંચમી ગાથામાં કહ્યું કે 'મેં આ રીતે પ્રભુ પ્રત્યે અભિમુખ થઈને, એકાગ્ર ચિત્તથી ચોવીસ જિનવરોની સ્તુતિ કરી છે. તેઓ મારા ઉપર પ્રસન્ન થાઓ !' લોગસ્સની છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે 'લોકોમાં ઉત્તમ પ્રકારે સિદ્ધ થયા છે તેઓનું મેં કીર્તન કર્યું છે. મન, વચન અને કાયાના યોગથી વંદન કર્યું છે. તેઓ મને આરોગ્ય, બોધિલાભ અને સમાધિ આપો.'

અહીં આરોગ્ય અને સમાધિ દ્રવ્યથી અને ભાવથી એમ ઉભય પ્રકારે છે અને દ્રવ્ય આરોગ્ય ભાવ આરોગ્ય માટે જ છે અને દ્રવ્ય સમાધિ ભાવ સમાધિ માટે જ છે. સાતમી ગાથામાં સિદ્ધ પદ આપવા માટે પ્રાર્થના છે. આમ, લોગસ્સ સૂત્રમાં સ્પષ્ટ શબ્દોમાં તીર્થંકર પરમાત્મા પાસે યાચના કરવામાં આવી છે. કોઈ પ્રશ્ન કરે કે તીર્થંકર પરમાત્મા તો રાગદ્વેષથી રહિત છે. આ ચોવીસે તીર્થંકરો હવે તો સિદ્ધસ્વરૂપે છે. તેઓ કશું આપે નહિ અને તેઓ કશું લે પણ નહિ, તો પછી તેમની પાસે માગવાનો અર્થ શો ? તેનો ઉત્તર એ છે કે તીર્થંકરો કશું આપતા ન હોવા છતાં તેમના તીર્થંકરત્વમાં એટલું સામર્થ્ય છે કે એમની સાચી ભક્તિ કરનારા એવા અપૂર્વ ભાવોલ્લાસમાં આવી જાય છે અને એનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મોનો એવી રીતે ક્ષય થાય છે કે ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. સ્તુતિ કરનાર મોક્ષપદની પ્રાપ્તિ અને તે માટેની સામગ્રી માગી લે છે. એટલે તેમાં કશું અનૌચિત્ય નથી. આવી માગણીથી નિયાણું બંધાય માટે તે ન બાંધવું જોઈએ એ અપેક્ષા પણ બરાબર નથી, કારણ કે મુમુક્ષુ આત્માઓએ તીર્થંકરની સ્તુતિ અને પ્રાર્થના, આવશ્યક કર્તવ્ય તરીકે વારંવાર કરવી જોઈએ એમ શાસ્ત્રકારોએ પૂરા સ્પષ્ટીકરણ સાથે ફરમાવ્યું છે.

લોગસ્સ સૂત્ર આવશ્યક સૂત્રમાં આવે છે. આ સૂત્ર ગણધરરચિત મનાય છે. એમાં એ સૂત્રનું નામ એના કર્તાએ દર્શાવ્યું નથી. એથી પછીના સમયમાં ટીકા, ભાષ્ય, વિવરણ વગેરે પ્રકારના ગ્રંથોમાં લોગસ્સના વિષયને અનુરૂપ એવા પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં પર્યાયવાચક નામો પ્રયોજાયાં છે. લોગસ્સમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ આવતી હોવાથી ચઉવીસત્થય, ચઉવીસઇત્થય અને ચતુર્વિંશતિસ્તવ નામો વપરાયાં છે. ચોવીસની સ્તુતિ એટલે કોની સ્તુતિ એવો પ્રશ્ન થાય. એટલે ચઉવીસ જિણત્થય અને ચતુર્વિંશતિજિનસ્તવ જેવાં નામો પણ વપરાયાં છે. આ ઉપરાંત નામસ્તવ, નામથય, નામજિણત્થય તથા ઉજ્જોઅ, ઉજ્જોઅગર, ઉજ્જોયગર જેવાં નામો પણ પ્રયોજાયાં છે. આમ લોગસ્સ સૂત્ર માટે વિવિધ નામો પ્રયોજાયાં છે. તેમ છતાં આજ સુધી 'લોગસ્સ'ના નામથી જ તે સૂત્ર વિશેષ પ્રચલિત રહ્યું છે.

કેટલાંક સૂત્રોનાં નામ એના વિષયને અનુરૂપ ગુણનિષ્પન્ન હોય છે. લોગસ્સમાં તીર્થંકરોનું ગુણોત્કીર્તન છે.

આ સૂત્રમાં પ્રથમ શબ્દ લોગસ્સ છે. એટલે પ્રથમ શબ્દ ઉપરથી આ સૂત્રને 'લોગસ્સ સૂત્ર' તરીકે ઓળખવામાં આવે છે. આ સૂત્રના વિષયને અનુરૂપ ચતુર્વિંશતિસ્તવ, ચઉવિસત્થો, નામસ્તવ ઇત્યાદિ નામો હોવા છતાં તે 'લોગસ્સ'ના નામથી વિશેષ પ્રચલિત છે. સૂત્ર, કવિતા, ગ્રંથ ઇત્યાદિનાં નામ તેના વિષય પ્રમાણે, તેના ગુણલક્ષણ પ્રમાણે આપવાનો રિવાજ છે, પરંતુ એક જ વિષય ઉપર ઘણીબધી કૃતિઓ હોય ત્યારે તે ઉપરથી અપાયેલાં નામો એકસરખાં થઈ જવાનો અને તેથી તેમાં ગોટાળો થવાનો સંભવ રહે છે. પરંતુ કૃતિને તેના પ્રથમ શબ્દથી જો ઓળખવામાં આવે તો એક જ વિષય ઉપર ઘણી બધી કૃતિઓ હોવા છતાં તેમાં ગોટાળો થવાનો સંભવ રહેતો નથી. આથી જ પ્રાચીન કાળથી, વિશેષતઃ જૈન પરંપરામાં અનેક કૃતિઓ તેના આદ્ય શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરથી ઓળખાય છે. બાળજીવોને પણ પ્રથમ શબ્દ ઉપરથી કૃતિને સરળતાથી ઓળખવાનું અને યાદ રાખવાનું વધુ ગમે છે. ઇરિયાવહી, નમુથ્થુણં, અન્નત્થ, નમિઉણ, ભક્તામર, કલ્યાણમંદિર, સકલાર્હત વગેરે કૃતિઓની જેમ લોગસ્સ સૂત્ર પણ એના પ્રથમ શબ્દ ઉપરથી ઓળખાય છે.

લોગસ્સ સૂત્ર ૪૫ આગમોમાંથી ચાર મૂલ આગમોમાંના આગમ સૂત્ર તે આવશ્યક સૂત્ર(આવસ્સયસુત્ત)માં જોવા મળે છે. પ્રત્યેક જૈન રોજરોજ અવશ્ય કરવાનાં એવાં છ કર્તવ્યો એમાં બતાવ્યાં છે : (૧) સામાયિક (૨) ચઉવિસત્થો (૩) ગુરુવંદન (૩) પ્રતિક્રમણ (૫) કાઉસગ્ગ અને (૬) પચ્ચક્ખાણ.

આ છ આવશ્યક કર્તવ્ય 'આવશ્યક'ના ટૂંકા નામથી જ પ્રચલિત છે. એમાં બીજું કર્તવ્ય તે ચઉવિસત્થો છે. એટલે ચતુર્વિંશતિસ્તવ અર્થાત્ ચોવીસ તીર્થંકરોની સ્તુતિ. ભગવાન મહાવીરસ્વામીના ગણધર ભગવંતોએ રચેલા લોગસ્સ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ છે. એ સ્તુતિ જૈનોએ રોજેરોજ અવશ્ય કરવાની હોય છે. સાત ગાથાની આ રચનાના પઠન-પાઠન ઉપરાંત આધ્યાત્મિક અનુભૂતિની દૃષ્ટિએ અર્થઘટન કરી પોતપોતાની અનુભૂતિના આધારે તેના ઉપર પ્રકાશ પાડવાનું ઉપકારી કાર્ય સમયે સમયે મહાત્માઓએ કર્યું છે.

લોગસ્સ સૂત્રના ઉલ્લેખો અને તેના ઉપર થયેલાં કેટલાંક વિવેચનો ઉપરથી પણ આ સૂત્રનું મહત્ત્વ સમજાશે. નીચેની કૃતિઓમાં લોગસ્સ ઉપર અર્થપ્રકાશ જોવા મળે છે :

(૧) મહાનિશીથ સૂત્ર તથા (૨) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (શ્રી સુધર્મસ્વામી ગણધર), (૩) ચઉસરણ પઇન્નય (શ્રુતસ્થવિર), (૪) આવશ્યક નિર્યુક્તિ (શ્રી ભદ્રબાહુસ્વામી), (૫) નંદિસૂત્ર (શ્રી દેવવાચક), (૬) અનુયોગ દ્વાર (શ્રુતસ્થવિર), (૭) આવશ્યક ચૂર્ણિ (શ્રી જિનદાસગણિ મહત્તર), (૮) આવશ્યક ભાષ્ય (શ્રી ચિરંતનાચાર્ય), (૯) આવશ્યક ટીકા તથા (૧૦) લલિતવિસ્તારા (શ્રી હરિભદ્રસૂરિ), (૧૧) ચૈત્યવંદન મહાભાષ્ય (શ્રી શાંતિસૂરિ), (૧૨) યોગશાસ્ત્ર વિવરણ (શ્રી હેમચંદ્રાચાર્ય), (૧૩) દેવવંદન તથા (૧૪) વંદારુવૃત્તિ ભાષ્ય (શ્રી દેવેન્દ્રસૂરિ), (૧૫) આચાર દિનકર (શ્રી વર્ધમાનસૂરિ), (૧૬) ધર્મસંગ્રહ (શ્રી માનવિજય ઉપાધ્યાય).

લોગસ્સ સૂત્રના અને એના ઉપરના વિવેચનના જુદી જુદી ભાષામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુવાદો થયા છે. લોગસ્સ સૂત્ર વિશે ગુજરાતીમાં પણ કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે.

જિનેશ્વર ભગવાનનાં નામોનું રટણ કે સ્મરણ ભવ્ય જીવોને ઉપકારક થાય છે. તીર્થંકર પરમાત્માઓના નામસ્તવનથી તેમના ગુણોનું સ્મરણ થાય છે અને જીવોને પોતાના આત્મામાં રહેલા તેવા પ્રકારના ગુણોને ઓળખવાની અને વિકસાવવાની પ્રેરણા થાય છે. નામસ્તવ દ્વારા કીર્તન-વંદનથી જીવને પરમ આનંદોલ્લાસનો અનુભવ થાય છે. જેમ પોતાનાં પ્રિયજનને નામ દઈને બોલાવતી વખતે, ફક્ત એ નામના ઉચ્ચારણમાં પણ બહુ આનંદ અનુભવાય છે, તેમ અરિહંત પરમાત્માના નામના ઉચ્ચારણ વખતે અનહદ આનંદ અનુભવાય તે સ્વાભાવિક છે.

જિનેશ્વર ભગવાનને ભાવપૂર્વક નમસ્કાર કરવામાં આવે તો તે નમસ્કાર જીવને સંસારસાગરમાં ડૂબતાં બચાવે છે; શ્રદ્ધાપૂર્વક કરેલા વંદનથી અશુભ કર્મનો ક્ષય થાય છે અને આત્મા વિશુદ્ધ બને છે. જિનેશ્વર ભગવાનની સ્તુતિથી બોધિ(સમ્યગ્દર્શન)નો લાભ થાય છે, બોધિની વિશુદ્ધિ થાય છે. આમ આ સ્તુતિ ભવોભવ બોધિવિશુદ્ધિનો લાભ કરાવે છે અને સાવદ્ય યોગથી વિરમવા માટે પ્રેરક બળ બની રહે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીસમા અધ્યયનમાં ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું કે चउवीसत्थएणं भंते। जीवे के जणयइ? કે 'હે ભગવાન ! ચતુર્વિંશતિસ્તવ અર્થાત્ ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી જીવને શો લાભ થાય છે ?' ભગવાને કહ્યું : चउवीसत्थएणं दंसणिसोहिं जयइ – ચતુર્વિંશતિસ્તવથી જીવને દર્શન-વિશુદ્ધિનો લાભ થાય છે.

'ચઉસરણ પઇણ્ણય'માં પણ કહ્યું છે :

**दंसणयारविसोही चउवीसायत्थएण किच्चइ य।**
**अच्चब्भुअगुणकित्तणवेण जिणवरिंदाणं।।**

[જિનવરેન્દ્રના અતિ અદ્ભુત ગુણકીર્તન રૂપ ચતુર્વિંશતિસ્તવથી દર્શનાચારની વિશુદ્ધિ થાય છે.]

આમ દર્શનવિશુદ્ધિ અર્થાત્ સમ્યગ્ દર્શનની શુદ્ધિ ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી સારી રીતે થાય છે. એટલે જ લોગસ્સ સૂત્ર સમ્યક્ત્વની વિશુદ્ધિ માટે એક પ્રબળ સાધન ગણાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આવશ્યક સૂત્ર'માં લોગસ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે ઉપરથી લોગસ્સ એ સૂત્ર છે એ તો સ્પષ્ટ રીતે ફલિત થાય છે.

સૂત્રમાં ઓછામાં ઓછા શબ્દોમાં, પુનરુક્તિ કે સંદિગ્ધતાના દોષ વિના, સંક્ષેપમાં વિષયના સારતત્ત્વનું નિરૂપણ કરવામાં આવે છે. સૂત્ર કંઠસ્થ કરી શકાય એવું હોવું જોઈએ. તે પદ્યમાં પણ હોય અને ગદ્યમાં પણ હોય, પરંતુ તે વ્યાકરણશુદ્ધ હોવું જોઈએ તથા તેનું અર્થવિવરણ કરી શકાય એવું તે હોવું જોઈએ.

લોગસ્સ એ દૃષ્ટિએ એક ઉત્તમ સૂત્ર છે. લોગસ્સ સૂત્ર મધુર પદ્યમાં છે એ એની વિશિષ્ટતા છે.

ચેઇય વંદન ભાસ(ચૈત્ય વંદન ભાષ્ય)માં દેવેન્દ્રસૂરિએ નીચે પ્રમાણે પાંચ દંડક સૂત્રો બતાવ્યાં છે :

(૧) સક્કત્થય (શક્રસ્તવ)

(૨) ચેઇયત્થય (ચૈત્યસ્તવ)

(૩) નામત્થય (નામસ્તવ)

(૪) સૂયત્થ (શ્રુતસ્તવ)

(૫) સિદ્ધત્થય (સિદ્ધસ્તવ)

દંડકના પ્રકારનાં આ પાંચ સૂત્રોમાં 'નમુત્થુણં' સૂત્ર એ શક્રસ્તવ તરીકે ઓળખાય છે. 'અરિહંત ચેઇઆણં' સૂત્ર ચૈત્યસ્તવ તરીકે, 'લોગસ્સ' સૂત્ર નામસ્તવ તરીકે, 'પુકખરવદિવઢ્ઢે' શ્રુતસ્તવ તરીકે અને 'સિદ્ધાણં બુદ્ધાણં' સિદ્ધસ્તવ તરીકે ઓળખાય છે. આમ 'લોગસ્સ સૂત્ર'એ નામસ્તવ તરીકે પ્રાચીન સમયથી જાણીતું છે. તેમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ એમના નામોલ્લેખ સાથે કરવામાં આવી છે.

લોગસ્સ સૂત્રની ભાષા અર્ધમાગધી અથવા આર્ષ પ્રાકૃત છે. એમાં એક પણ દેશ્ય શબ્દ નથી એ નોંધવું જોઈએ. લોગસ્સમાં कित्तिस्संને બદલે कित्तइस्सं જેવો પ્રયોગ થયો છે; सीयल અને सिज्जंस એ બે નામો બીજી વિભક્તિમાં પ્રયોજાયાં હોવા છતાં તેમાં વિભક્તિનો પ્રત્યય લાગ્યો નથી; चंदेसु અને आइच्चेसु એ બે સાતમી વિભક્તિ બહુવચનનાં રૂપો પંચમીના અર્થમાં વપરાયાં છે; 'મને'ના અર્થમાં 'मम' અને 'मे' એ બે રૂપો વિકલ્પે વપરાયાં છે; તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वन्द ધાતુ ઉપરથી वंदे (આત્મનેપદ) તથા वंदामि (પરસ્મૈપદ) એ બે રૂપો વિકલ્પે વપરાયાં છે. આ બધી લાક્ષણિકતાઓ લોગસ્સની ભાષાની આર્ષતા, પ્રાચીનતા દર્શાવે છે.

લોગસ્સ સૂત્ર સાત ગાથામાં લખાયેલું છે. એની પહેલી ગાથા સિલોગ (શ્લોક) નામના અક્ષરમેળ છંદમાં છે. ત્યારપછીની ગાથાઓ ગાહા (ગાથા-સંસ્કૃતમાં આર્યા છંદ) નામના માત્રામેળ છંદમાં છે. સિલોગ (શ્લોક) છંદ પ્રાકૃત ભાષામાં પ્રાચીન સમયથી વપરાતો આવ્યો છે. જૈન આગમ ગ્રંથોમાં તે ઘણે સ્થળે વપરાયેલો જોવા મળશે. ચાર ચરણના આ છંદનાં પ્રથમ ત્રણ ચરણ આઠ આઠ અક્ષરનાં હોય છે અને છેલ્લું ચરણ આઠ અથવા નવ અક્ષરનું હોય છે. આઠ અક્ષરનાં ચાર ચરણોવાળો છંદ અનુષ્ટુપ જાતિનો ગણાય છે. તેમાં લઘુગુરુના સ્થાનની દૃષ્ટિએ ૨૫૬ જેટલા ભેદ બતાવવામાં આવે છે. ગાહા છંદના પણ કેટલાક પેટાપ્રકારો છે. લોગસ્સની બીજીથી સાતમી સુધીની ગાથા અનુક્રમે (૧) હંસી, (૨) લક્ષ્મી, (૩) માધવી, (૪) જાહ્નવી, (૫) લક્ષ્મી અને (૬) વિદ્યુત નામના ગાહા છંદમાં રચાયેલી છે. આ ઉપરથી જોઈ શકાશે કે લક્ષ્મી-ગાહા છંદ લોગસ્સમાં બે વાર પ્રયોજાયો છે. બાકીના છંદો એક એક વાર પ્રયોજાયા છે. આમ સાત ગાથાના આ નાનકડા સૂત્રમાં છ જુદા જુદા પ્રકારના ગાહા છંદ પ્રયોજાયા છે એ એની મહત્તા દર્શાવે છે.

ગાથા છંદના ઉચ્ચારણમાં પણ કેટલીક સહેતુક લાક્ષણિકતાઓ દર્શાવવામાં આવે છે. પિંગળશાસ્ત્રીઓના મંતવ્ય પ્રમાણે (પ્રાકૃત પિંગળસૂત્ર-૫૬) ગાથા છંદનું પહેલું ચરણ સિંહની ગર્જનાની જેમ ઉચ્ચ સ્વરે બોલવું જોઈએ; બીજું અને ત્રીજું ચરણ હાથીની ચાલની જેમ લાલિત્યથી બોલવું જોઈએ અને ચોથું ચરણ સર્પની ગતિની જેમ ડોલતાં ડોલતાં ગાવું જોઈએ. લોગસ્સની ગાથાઓનું આ રીતે ઉચ્ચારણ કરવાથી એક વિશિષ્ટ પ્રકારનો આહ્લાદ અનુભવાય છે. એટલા માટે ગાથા છંદ પવિત્ર મનાયો છે અને પ્રાચીન દાર્શનિક સાહિત્યમાં તે સવિશેષ પ્રયોજાયો છે.

દેવવંદન ભાષ્યમાં દર્શાવ્યું છે તે પ્રમાણે નામસ્તવમાં – લોગસ્સ સૂત્રમાં સાત ગાથા (છંદશાસ્ત્રની દૃષ્ટિએ પ્રથમ શ્લોક અને પછી છ ગાથા) છે, તેમાં કુલ ૨૮ પદ છે. અને તેની સંપદા (અર્થનું વિશ્રામસ્થાન) પણ ૨૮ છે. લોગસ્સ સૂત્રમાં અક્ષરો ૨૫૬ છે. આ અક્ષરોનું વિભાજન નીચે પ્રમાણે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ શ્લોક – ૩૨ અક્ષર, બીજી ગાથા – અક્ષર ૩૯, ત્રીજી ગાથા – ૩૬, ચોથી ગાથા – ૩૫, પાંચમી ગાથા – ૪૧, છઠ્ઠી ગાથા - ૩૬, સાતમી ગાથા – ૩૭. કુલ અક્ષર ૨૫૬.

લોગસ્સ સૂત્ર જૈનોના વર્તમાન ચારેય ફિરકાને (શ્વેતામ્બર મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગમ્બરને) એટલે કે સમસ્ત જૈનોને માન્ય છે અને તે દરેક એને એક પરમ પવિત્ર સૂત્ર તરીકે સ્વીકારે છે.

શ્વેતામ્બર પરંપરાના ત્રણે ફિરકામાં આ સૂત્રમાં કોઈ પાઠભેદ નથી. દિગમ્બર પરંપરામાં અર્થની દૃષ્ટિએ કોઈ ભેદ નથી, પણ સ્વર-વ્યંજનની દૃષ્ટિએ કેટલોક ફેર છે.

| **શ્વેતામ્બર પાઠ** | **દિગમ્બર પાઠ** |
|---|---|
| લોગસ્સ ઉજ્જોઅગરે | લોયસ્સુજ્જોયયરે |
| ધમ્મતિત્થયરે જિણે | ધમ્મં તિત્થંકરે જિણે વંદે |
| કિત્તઇસ્સં | કિત્તિસ્સે |
| પિ કેવલી | ચેવ કેવલિણો |
| પુપ્ફદંત | પુપ્ફયંત |
| જે એ લોગસ્સ ઉત્તમા | એદે લોગોત્તમા જિણા |

જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે કર્મક્ષય વિના મુક્તિ નથી અને કર્મક્ષય માટે બાહ્ય અને આભ્યંતર તપ ઉત્તમ સાધન છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગ (વ્યુત્સર્ગ) એમ છ આભ્યંતર તપના પ્રકારો છે. આથી જ ગૃહસ્થો અને સાધુઓ માટેની ઘણી બધી ધાર્મિક વિધિઓમાં કાઉસગ્ગ કરવાનું વિધાન છે. સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન, પૌષધ, ઉપધાન તથા અન્ય વિશિષ્ટ તપશ્ચર્યાઓ, પડિલેહન, યોગોદ્વહન વગેરેમાં કાઉસગ્ગ કરવાનું વિધાન છે. આમાં મુખ્યત્વે લોગસ્સનો કાઉસગ્ગ કરાય છે.

જૈન ધર્મમાં ઇરિયાવહી (ઐર્યાપથિકી)નું ઘણું જ મહત્ત્વ છે. ગમનાગમન કે ધ્યાનમૌનાદિ યતિક્રિયામાં પણ સ્થૂલ કે સૂક્ષ્મ દૃષ્ટિએ જીવોની જે વિરાધના થઈ હોય તેનું તરત લઘુ પ્રતિક્રમણ એટલે ઇરિયાવહી. કોઈ પણ ધર્મક્રિયા, અનુષ્ઠાન ઇત્યાદિ ઇરિયાવહી કર્યા વિના ન કરી શકાય. પ્રત્યેક ધર્મક્રિયાની શુદ્ધિ ઇરિયાવહી કરવાથી થાય છે. પ્રત્યેક ઇરિયાવહી સાથે લોગસ્સ બોલવાનું અનિવાર્ય વિધાન છે. 'પ્રતિક્રમણ હેતુ બત્રીસી'માં કહ્યું છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇરિયા વિણુ નવિ ધર્મક્રિયા,
ઇરિયાવહી તેણી હેતિ તું.

* * *

દંસણસોહી લોગસ્સ ગિઇ,
વંદન જ્ઞાન વિસુદ્ધિ તું.

આમ, લોગસ્સ સૂત્રનો ઇરિયાવહી સાથે અવિનાભાવ સંબંધ રહેલો છે.

કાઉસગ્ગ નવકારમંત્રનો અથવા લોગસ્સનો હોય છે. નવકારમંત્ર કરતાં લોગસ્સના કાઉસગ્ગનો આદેશ વિશેષપણે જોવા મળે છે. (જ્યાં લોગસ્સ ન આવડતો હોય ત્યાં એક લોગસ્સને બદલે ચાર નવકારનો કાઉસગ્ગ કરાય છે.) કાઉસગ્ગ માટે નમુત્થુણં, જયવીયરાય વગેરે સૂત્રોને બદલે લોગસ્સ સૂત્રનો કાઉસગ્ગ કરવાનું વિધાન છે, કારણ કે લોગસ્સમાં ચોવીસ તીર્થંકરની નામસ્તવના છે અને લોગસ્સ સાથે યોગપ્રક્રિયા પણ જોડાયેલી છે.

નવકારમંત્રના કાઉસગ્ગમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર છે. કાઉસગ્ગની સાથે ધ્યાન જોડાયેલું છે. નવકારમંત્રમાં અરિહંત, સિદ્ધ વગેરે પદો છે, વ્યક્તિ-વિશેષ નથી. ધ્યાનમાં પ્રવેશ કરવા માટે પદ કરતાં વ્યક્તિવિશેષનું ધ્યાન સરળ અને સહાયરૂપ થાય છે. અરિહંત શબ્દથી ચિત્ત અરિહંતના સ્વરૂપમાં જેટલું કેન્દ્રિત થાય છે તેના કરતાં ઋષભદેવનું, પાર્શ્વનાથનું, મહાવીર સ્વામીનું નામસ્મરણ કરવાથી તેમનામાં ચિત્ત વધુ સરળતાથી એકાગ્ર થઈ શકે છે. એટલે સાલંબન ધ્યાન માટે લોગસ્સના ચોવીસ તીર્થંકરોનાં નામ વધુ અનુકૂળ રહે છે. ચિત્ત તેમાં પરોવાઈ શકે છે અને એકાગ્ર બની શકે છે. આરંભ કરનારાઓ માટે તે સરળ થઈ પડે છે. આથી નવકારમંત્ર કરતાં લોગસ્સના કાઉસગ્ગ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. આમ છતાં લોગસ્સ દ્વારા ચોવીસ તીર્થંકર ઉપરાંત પંચપરમેષ્ઠિનું ધ્યાન પણ થઈ શકે છે. લોગસ્સની પહેલી ગાથા એ માટે મહત્ત્વની છે. એમાં તીર્થંકર માટે પાંચ મહત્ત્વના શબ્દો પ્રયોજાયા છે. 'લોગસ્સ ઉજ્જોઅગરે' શબ્દો દ્વારા લોકના અગ્રભાગે બિરાજમાન અને 'લોક' ઉપર પ્રકાશ રેલાવનાર એવા સિદ્ધ ભગવંતોનું ધ્યાન થઈ શકે છે. 'ધમ્મ તિત્થયરે' શબ્દમાં ધર્મતીર્થ પ્રવર્તાવનાર સમવસરણમાં બિરાજમાન અરિહંત પરમાત્માનું ધ્યાન થઈ શકે છે. 'જિને ' અને 'અરિહંતે' શબ્દ દ્વારા તીર્થંકર ભગવાનના વિવિધ ગુણોનું ધ્યાન થઈ શકે છે. 'ધમ્મ તિત્થયરે' શબ્દ દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણધરોને દીક્ષા અને ત્રિપદી આપનાર એવા અનુક્રમે આચાર્ય અને ઉપાધ્યાયનાં પદોનું પણ સ્મરણ થઈ શકે છે. 'કેવલી' શબ્દ દ્વારા સાધુના પદનું સ્મરણ થઈ શકે છે.

લોગસ્સની પહેલી ગાથાના આ શબ્દોને બીજી એક રીતે ઘટાવવામાં આવે છે. આ ગાથામાં પંચપરમેષ્ઠિનું સ્વરૂપ ગૂંથી લેવામાં આવ્યું છે, કારણ કે તીર્થંકર પરમાત્માના જીવનમાં પાંચે પરમેષ્ઠિનાં પદ સુનિહિત હોય છે.

(૧) તેઓ જ્યારે સમવસરણમાં બિરાજમાન થઈ ધર્મતીર્થ પ્રવર્તાવે છે ત્યારે 'અરિહંત ' સ્વરૂપે હોય છે.

(૨) તેઓ નિર્વાણ પામે છે ત્યારપછી સિદ્ધ સ્વરૂપે હોય છે.

(૩) તેઓ જ્યારે ગણધરોને દીક્ષા આપે છે ત્યારે 'આચાર્ય'ના પદે હોય છે.

(૪) તેઓ જ્યારે ગણધરોને 'ત્રિપદી' આપે છે ત્યારે 'ઉપાધ્યાય'ના પદે હોય છે.

(૫) તેઓ જ્યારે ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી સ્વયં દીક્ષિત થાય છે ત્યારે સાધુના પદે હોય છે.

આમ, લોગસ્સ સૂત્રના કાઉસગ્ગમાં તીર્થંકરોના જીવનના પ્રસંગો દ્વારા પંચ પરમેષ્ઠિનું ધ્યાન પણ ધરી શકાય છે.

લોગસ્સની પહેલી ગાથામાં તીર્થંકરો માટે પ્રયોજાયેલા શબ્દોને ભિન્ન ભિન્ન રીતે ઘટાવવામાં આવે છે. અરિહંત પરમાત્માના બાર ગુણ છે. તેમાં અષ્ટ પ્રાતિહાર્યના આઠ ગુણ તે દેવકૃત હોય છે. બાકીના ચાર ગુણ તે હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં સમજાવ્યું છે તે પ્રમાણે ચાર અતિશય છે : (૧) જ્ઞાનાતિશય (૨) વચનાતિશય (૩) પૂજાતિશય અને (૪) અપાયાપગમાતિશય. આ ચાર આત્મભૂત લક્ષણો લોગસ્સની ગાથાના શબ્દોમાં નીચે પ્રમાણે જોઈ શકાય છે :

(૧) લોગસ્સ ઉજ્જોઅગર – કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જેઓ લોકના સંપૂર્ણ સ્વરૂપને પ્રકાશનારા છે – જ્ઞાનાતિશય. (૨) ધમ્મતિત્થયર – ધર્મતીર્થ પ્રવર્તાવનાર, સમવસરણમાં સર્વભાષામાં પરિણમે એવી વાણી દ્વારા દેશના આપનાર – વચનાતિશય. (૩) જિન (તથા અરિહંત) – ચાર ઘાતી કર્મોનો નાશ કરનાર – અપાયાપગમાતિશય. (૪) અરિહંત – પૂજાતિશય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇરિયાવહી પછી કાઉસગ્ગ કરતાં પહેલાં 'તસ્સ ઉત્તરી' સૂત્ર અને 'અન્નત્થ' સૂત્ર બોલવાનાં હોય છે. 'તસ્સ ઉત્તરી' સૂત્રમાં દોષોના નિવારણ માટે કરવાના કાઉસગ્ગનું મુખ્ય પ્રયોજન જે દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિશુદ્ધિકરણ અને (૩) વિશલ્યીકરણ કરવાની આવશ્યકતા રહે છે. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે દર્શાવ્યું છે તે પ્રમાણે આ ત્રણેની પ્રક્રિયા લોગસ્સ સૂત્રમાં ગર્ભિત રીતે સંકળાયેલી છે. લોગસ્સની પાંચમી ગાથામાં પ્રાયશ્ચિત્તની, છઠ્ઠી ગાથામાં દર્શન, જ્ઞાન અને ચારિત્રના વિશુદ્ધિકરણની અને સાતમી ગાથામાં નિરાલંબન ધ્યાન (અમનસ્ક દશા) દ્વારા વિશલ્યીકરણની પ્રક્રિયા રહેલી છે, એટલા માટે આ ત્રણ ગાથાઓને 'પ્રણિધાન ત્રિક' તરીકે ઓળખવામાં આવે છે.

હરિભદ્રસૂરિએ 'યોગવિશિંકા'માં યોગના પાંચ પ્રકાર દર્શાવ્યા છે : (૧) સ્થાન, (૨) વર્ણ, (૩) અર્થ, (૪) આલંબન અને (૫) નિરાલંબન. એમાં પહેલાં બે સ્થાન અને વર્ણ તે કર્મયોગ છે અને પછીનાં ત્રણ – અર્થ, આલંબન અને નિરાલંબન એ જ્ઞાનયોગ છે. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે દર્શાવ્યું છે તે પ્રમાણે યોગના આ પાંચે પ્રકારનો પ્રયોગ લોગસ્સમાં થયો છે. લોગસ્સની પહેલી ગાથામાં સ્થાનનો, બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં વર્ણનો અને પાંચમી ગાથામાં અર્થનો ઉપયોગ છે. છઠ્ઠી ગાથામાં આલંબનનો ઉપયોગ છે. આ આલંબનથી સાધકને નિર્મળ બોધિલાભ, ઋતંભરા પ્રજ્ઞા, વરસમાધિ, સર્વોત્કૃષ્ટ ભાવસમાધિનો અનુભવ થાય છે. અહીં બીજું અપૂર્વકરણ થાય છે; કુંડલિની શક્તિનો સાક્ષાત્કાર થાય છે. સાતમી ગાથામાં નિરાલંબન ધ્યાન છે. અહીં અમનસ્કતા હોય છે; ધ્યાતા અને ધ્યેયની અભિન્નતા હોય છે; નિર્વિકલ્પ સમાધિ, ચિત્તની પ્રશાંતવાહિતા હોય છે.

કાઉસગ્ગમાં ક્યારેક સંપૂર્ણ લોગસ્સ બોલવાનો હોય છે. અને ક્યારેક 'ચંદેસુ નિમ્મલયરા' સુધી બોલવાનો છે. (કેટલીક ક્રિયામાં સાગરવર ગંભીરા સુધી બોલવાનો હોય છે.) 'ચંદેસુ નિમ્મલયરા' સુધી બોલવાના લોગસ્સમાં યોગપ્રક્રિયા જોડાયેલી છે. એ લોગસ્સનાં પદોનું ઉચ્ચારણ શ્વાસોશ્વાસ સાથે જોડાયેલું હોવું જોઈએ. પૂર્વાચાર્યોએ 'પાયસમા ઉસાસા' એટલે કે જેટલાં પદ એટલા શ્વાસોશ્વાસ એ પ્રમાણે લોગસ્સનો કાઉસગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી કરવાનો કહ્યો છે. કોઈને પ્રશ્ન થાય કે આમ અપૂર્ણ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનું કેમ વિધાન હશે ? પરંતુ આ કાઉસગ્ગમાં સૂત્રના સંપૂર્ણ ઉચ્ચારણ કરતાં સૂત્રનાં પદોના ધ્યાન સાથે શરીરમાં ચાલતી શ્વાસોચ્છ્વાસની ક્રિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહત્ત્વની છે. એટલે 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનાં પચ્ચીસ પદ પ્રમાણે એક લોગસ્સના કાઉસગ્ગમાં પચ્ચીસ વાર શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવાની હોય છે, કારણ કે લોગસ્સનો આ પ્રકારનો કાઉસગ્ગ યોગપ્રક્રિયા સાથે જોડાયેલો છે. એથી શ્વાસોચ્છ્વાસની ગતિ નિયમબદ્ધ બને છે. કાઉસગ્ગમાં ચિત્ત વધુ કેન્દ્રિત બને છે. લોગસ્સના શબ્દો ને વર્ણો પ્રાણવાયુ સાથે એકરૂપ થઈ જાય છે. એવી રીતે વ્યવસ્થિત, પદ્ધતિસર, ઉતાવળ વિના, પૂરી સ્વસ્થતાથી કાઉસગ્ગ કરનાર આરાધક પદો સાથે એક પ્રકારનો લય અનુભવે છે. મંત્રશાસ્ત્રમાં એને 'લયયોગ' કહેવામાં આવે છે. લયયોગ સહિતના ધ્યાનવાળો કાઉસગ્ગ કર્મક્ષય વગેરેમાં વિશેષ ફળ આપનારો છે એમ શાસ્ત્રકારો કહે છે. હવે પ્રશ્ન એ થાય છે કે 'પાયસમા ઉસાસા' અર્થાત્ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી શા માટે ? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' એ છેલ્લા પદ સુધી ન કરી શકાય? પચીસ પદને બદલે અઠ્ઠાવીસ પદ સુધીનો સંપૂર્ણ લોગસ્સનો એવો કાઉસગ્ગ ન કરી શકાય ? આ પ્રશ્નનો જવાબ એ છે કે આ યોગપ્રક્રિયાની એક સૂક્ષ્મ બાબત છે અને યોગવિદ્યામાં પ્રવીણ, લબ્ધિ સિદ્ધિના જાણકાર અને મંત્રશાસ્ત્રના મર્મજ્ઞ એવા ગણધર ભગવંતોએ અને તે સમયના પૂર્વાચાર્યોએ પોતાની સૂક્ષ્મ યોગાનુભૂતિને આધારે આ પદસંખ્યા નક્કી કરી હશે. આપણને જે પ્રશ્ન થાય છે તેનો વિચાર તેઓએ અવશ્ય કર્યો જ હશે.

કોઈ પણ એક ધાર્મિક ક્રિયા કરતી વખતે અથવા એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં જતી વખતે તન અને મન જરા પણ ક્ષુબ્ધ હોય તો તેને શાંત કરવા માટે શ્વાસોચ્છ્વાસનું નિયમન ઉપકારક થાય છે. કાઉસગ્ગમાં કાયાને નિશ્ચલ કરવા સાથે ચિત્તને શાંત, સ્વસ્થ અને એકાગ્ર કરવા માટે પચીસ શ્વાસોચ્છ્વાસ જેટલા કાળની માત્રા યોગ્ય ગણાઈ હશે ! એકસરખો કાઉસગ્ગ હોવા છતાં તે દરેકની કાળની માત્રા એકસરખી નથી હોતી. શ્વાસોચ્છ્વાસ સાથે જોડ્યા વગરના કાઉસગ્ગમાં બે વ્યક્તિઓ વચ્ચે કાળની માત્રા એકસરખી ન પણ રહે. શ્વાસોચ્છ્વાસ સાથે જોડેલા કાઉસગ્ગમાં કાળની માત્રાનું એકસરખાપણું વિશેષ રહી શકે છે. વળી તેમાં ચિત્તનો ઉપયોગ પણ વિશેષ રહે છે.

શ્વાસોચ્છ્વાસવાળો કાઉસગ્ગ ચક્રોમાં ન્યાસપૂર્વક અનુક્રમે ધ્યાનને કેન્દ્રિત કરતાં કરતાં 'ચંદેસુ નિમ્મલયરા' પદ વખતે મસ્તકમાં ઉપર સહસ્રારને સ્પર્શ થઈ જાય છે માટે ત્યાં જ અટકી જવાનું હશે એવું પણ એક અનુમાન થાય છે. ચોવીસ તીર્થંકરના ચોવીસ શ્વાસોચ્છ્વાસ અને ચતુર્વિધ સંઘસ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકરને માટે પૂર્ણાહુતિરૂપ કળશનો એક શ્વાસોચ્છ્વાસ એ રીતે કુલ પચીસ શ્વાસોચ્છ્વાસ થાય એવું પણ અનુમાન કરાય છે. કેટલાક કાઉસગ્ગ 'સાગરવર ગંભીરા' સુધી ૨૭ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કરવાનું વિધાન છે. તેમાં 'ચંદેસુ નિમ્મલયરા' – એ ચંદ્ર નાડી માટે છે. 'આઇચ્ચેસુ અહિયં પયાસરા' – એ આદિત્ય એટલે કે સૂર્ય નાડી માટે છે અને 'સાગરવર-ગંભીરા ' – એ સુષુમણા નાડીના ઉદ્‌ઘાટન માટે છે એવું પણ અનુમાન કરાય છે. અલબત્ત આ અનુમાનો છે. કાઉસગ્ગની અનુભૂતિ ઘણી સૂક્ષ્મ, ગહન અને રહસ્યમય છે. એનો સંપૂર્ણ પાર પામી શકવાનું દુષ્કર છે.

પૂર્ણ લોગસ્સના કાઉસગ્ગમાં પણ શ્વાસોચ્છ્વાસ અને ચિત્તની એકાગ્રતા માટે અન્ય પ્રયોગો પણ થાય છે. પ્રાણાયામમાં શ્વાસની પૂરક, કુંભક અને રેચકની પ્રક્રિયા છે. શ્વાસ લેવો તે પૂરક, શ્વાસ રોકી રાખવો તે કુંભક અને ઉચ્છ્વાસ એટલે કે શ્વાસ બહાર કાઢવો તે રેચક. કેટલાક પૂરક પછી કુંભક કરી સંપૂર્ણ લોગસ્સનો કાઉસગ્ગ કરી લે છે અને પછી રેચક કરે છે. કેટલાક રેચક પછીના કુંભકમાં સંપૂર્ણ લોગસ્સનો કાઉસગ્ગ કરે છે. આમ એક જ કુંભકમાં એક લોગસ્સનો કાઉસગ્ગ મહાવરાથી કરી શકાય છે. એક જ કુંભક ચિત્તની એકાગ્રતામાં સહાયભૂત થાય છે. કેટલાક શ્વાસોચ્છ્વાસની ક્રિયા સાથે લોગસ્સનો કાઉસગ્ગ અંતિમ પદથી વિપરીત ક્રમે કરે છે. એટલે પહેલાં सिद्धा। सिद्धिं मम दिसंतु, પછી सागरवर गंभीरा, પછી आइच्चेसु अहियं पयासयरा એમ બોલતાં છેવટે लोगस्स उज्जोअगरे પદ સાથે કાઉસગ્ગ પૂરો કરે છે. પ્રણિધાન માટે આ વિપરીત ક્રમ પણ ઉપયોગી થાય છે.

લોગસ્સનો કાઉસગ્ગ શ્વાસોચ્છ્વાસ પ્રમાણે જે કરવાનો હોય છે તેમાં સાથે ધ્યાન પણ સંકળાયેલું હોય છે. પરંતુ જે પૂર્ણ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે તેમાં મંત્રજાપ હોય છે, નામસ્તવના હોય છે. નામસ્તવનાનું મહત્ત્વ પણ ઓછું નથી. એટલા માટે લોગસ્સના કાઉસગ્ગ પછી તરત હમેશાં પ્રગટ લોગસ્સ બોલવાનો હોય છે અને તે સંપૂર્ણ લોગસ્સ જ હોય છે.

વાણીના પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એમ ચાર પ્રકાર બતાવવામાં આવે છે. પરા એટલે દિવ્ય વાણી. વૈખરી વાણી એટલે પ્રગટ ઉચ્ચારણ. વાણીનો એ સ્થૂલ પ્રકાર છે. કાઉસગ્ગ મનમાં જ્યારે ચાલતો હોય છે ત્યારે વાણી મધ્યમામાંથી ધીમે ધીમે પશ્યન્તી ને પરાની કક્ષા સુધી પહોંચે છે. સાધકની સાધના ઉપર એનો આધાર રહે છે. તીર્થંકર પરમાત્માનાં પરમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્ર અને પરમ પુણ્યવંત નામોના વાચક શબ્દોનું વૈખરી વાણીમાં પ્રગટ ઉચ્ચારણ પણ આરાધકના હૃદયમાં અનન્ય ભક્તિ અને શ્રદ્ધા પ્રગટાવે છે, બોધિની વિશુદ્ધિ કરાવે છે અને સ-વિકલ્પ તથા નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચવામાં સહાયક બને છે. એટલા માટે લોગસ્સના પ્રગટ ઉચ્ચારણની પણ આવશ્યકતા રહે છે.

લોગસ્સના કાઉસગ્ગના વિષયમાં જેમ પ્રયોજન મોટું તેમ કાઉસગ્ગ મોટો હોય છે. દુઃસ્વપ્ન તથા દુઃખક્ષય કે કર્મક્ષય માટે રોજરોજ પ્રતિક્રમણમાં કરાતો કાઉસગ્ગ ચાર લોગસ્સનો હોય છે. પાક્ષિક, ચાતુર્માસિક સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૧૨, ૨૦ અને ૪૦ લોગસ્સનો કાઉસગ્ગ હોય છે. (ફિરકાભેદે આ સંખ્યામાં થોડો ફેર હોય છે.) ઉપધાન કરનારા આરાધકોએ એ તપ દરમિયાન રોજ ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે, નવ પદની આરાધના અને વીસ સ્થાનકની આરાધનામાં પણ તે પ્રમાણ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે. (અકબરપ્રતિબોધક શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજને રોજ ઊભાં ઊભાં સો લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો નિયમ હતો.) કોઈ વિશિષ્ટ મોટું શુભ પ્રયોજન હોય અથવા સંઘ ઉપર કંઈ આપત્તિ કે ઉપદ્રવ હોય, તીર્થક્ષેત્રમાં કંઈ ઉપદ્રવો હોય અથવા ઉપદ્રવો ન થાય તે માટે પણ લોગસ્સના કાઉસગ્ગનું વિધાન છે.

લોગસ્સના કાઉસગ્ગનું મહત્ત્વ શાસ્ત્રકારોએ એટલું બધું બતાવ્યું છે કે રોજ રોજ અવશ્ય કર્તવ્યરૂપ આ કાઉસગ્ગ ન કરવામાં આવે તો તેને દોષ – અતિચાર લાગે છે એમ કહ્યું છે. પાક્ષિક ઇત્યાદિ પ્રતિક્રમણમાં બોલાતા અતિચારમાં (તપાચારના અતિચારમાં) કહ્યું છે કે 'કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દસ વીસનો કાઉસગ્ગ ન કીધો ... તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.'

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં સંવત્સરિ પ્રતિકર્મણમાં ૪૦ લોગસ્સનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધી તથા એક નવકારનો કાઉસગ્ગ કરવામાં આવે છે. ૪૦ લોગસ્સના કુલ ૧૦૦૦ શ્વાસોચ્છ્વાસ તથા નવકારમંત્રના ૮ શ્વાસોચ્છ્વાસ એમ કુલ ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસ થાય છે. ૪૦ લોગસ્સ ઉપર એક નવકાર ગણવાથી ૧૦૦૮ ની શુભ સંખ્યાનો પણ મેળ બેસે છે.

એક લોગસ્સ બરાબર ચાર નવકારનો કાઉસગ્ગ હોય છે. નવકારના આઠ શ્વાસોચ્છ્વાસ ગણવામાં આવે છે. લોગસ્સના ૨૫ શ્વાસોચ્છ્વાસ હોય છે. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ નવકાર ગણતાં ૨૪ શ્વાસોચ્છ્વાસ થાય. એટલે શ્વાસોચ્છ્વાસની ઓછી સંખ્યા કરતાં અધિક શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ વધુ યોગ્ય અને હિતાવહ છે. બંનેના કાલમાનની દૃષ્ટિએ પણ તે યોગ્ય છે. પદ અને સંપદાની દૃષ્ટિએ પણ ત્રણ કરતાં ચાર નવકાર વધુ યોગ્ય જણાય છે. એટલે એક લોગસ્સ બરાબર ચાર નવકારની ચાલી આવેલી પરંપરા યોગ્ય જ મનાય છે. લોગસ્સ ન આવડતો હો તો તે વ્યક્તિ ભલે કાઉસગ્ગ ન કરે, પણ તેની પાસે નવકારની કાઉસગ્ગ કરાવવાની જરૂર શી છે એવી દલીલ વ્યર્થ છે. અલબત્ત, કાઉસગ્ગ કરવાની સાચી ભાવનાવાળાએ ઉત્સાહપૂર્વક લોગસ્સ કંઠસ્થ કરી લેવો જોઈએ. નવકારમંત્ર કરતાં લોગસ્સ સૂત્ર મોટું અને કઠિન છે એવી દલીલમાં પણ બહુ બળ નથી, કારણ કે જો રસ, રુચિ અને લગની હોય તો ભાષા બોલતાં શીખેલાં બે-ત્રણ વર્ષનાં બાળકોએ લોગસ્સ શુદ્ધ રીતે કંઠસ્થ કરી લીધાના ઘણા દાખલા છે.

લોગસ્સની સાત ગાથાઓનો સંબંધ આપણા દેહમાં રહેલાં સૂક્ષ્મ ચક્રો – શક્તિનાં કેન્દ્રો તથા સહસ્રાર અથવા કુલ સાત શક્તિકેન્દ્રો સાથે પણ દર્શાવવામાં આવે છે. પહેલી ગાથા મૂલાધાર ચક્રમાં ચિત્તે કેન્દ્રિત કરીને બોલવાની હોય છે. બીજી ગાથા સ્વાધિસ્થાન ચક્રમાં, ત્રીજી મણિપુર ચક્રમાં, ચોથી અનાહત ચક્રમાં, પાંચમી વિશુદ્ધિ ચક્રમાં, છઠ્ઠી આજ્ઞાચક્રમાં અને સાતમી સહસ્રાર ચક્રમાં પ્રણિધાનપર્વક બોલવાની હોય છે. લોગસ્સની ગાથાઓની સંખ્યા સાત છે એ આકસ્મિક કે નિષ્પ્રયોજન નથી. એ સાતની સંખ્યામાં વિશિષ્ટ અર્થ અને સંકેત રહેલો છે.

લોગસ્સ સૂત્રમાં ૨૪ તીર્થંકરોનાં નામો બીજી, ત્રીજી અને ચોથી એમ ત્રણ ગાથામાં આપવામાં આવ્યાં છે. દરેક ગાથામાં આઠ-આઠ તીર્થંકરોનાં નામ આવે એવી સરખી વહેંચણી કરવામાં આવી છે. મંત્રસ્વરૂપ આ ત્રણ ગાથાઓમાં તીર્થંકરોનાં માત્ર નામ જ આપવામાં આવ્યાં છે. તેની સાથે બહુમાનસૂચક શબ્દો જેવા કે સિરિ (શ્રી), નાહ (નાથ), દેવ, પ્રભુ વગેરે શબ્દો આગળ કે પાછળ પ્રયોજવામાં આવ્યા નથી. જ્યાં ચોવીસ તીર્થંકરોની ગણના હોય ત્યાં આવાં ફક્ત નામો જ ગણાવવામાં આવ્યાં હોય એવું અન્યત્ર પણ જોવા મળે છે. 'નંદીસૂત્ર'માં તિત્થયરાવલીના પાઠમાં એ પ્રમાણે છે. તદુપરાંત બૃહત્ શાંતિ સ્તોત્ર એનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે. આમાં તીર્થંકરોનાં નામની ક્રમિક સંકલના કવિતા કે ભાષાગૌરવની દૃષ્ટિએ જ ફક્ત ન કરતાં મંત્રસ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અક્ષરોની દૃષ્ટિએ કરવામાં આવી છે. લોગસ્સની આ ત્રણ ગાથાઓ, એટલા માટે, મંત્રશાસ્ત્ર અને તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની છે.

આ ગાથાઓમાં આવતાં ચોવીસ તીર્થંકર પરમાત્માઓનાં નામ વ્યાકરણની દૃષ્ટિએ બીજી વિભક્તિમાં પ્રયોજવામાં આવ્યાં છે. બીજી વિભક્તિમાં શબ્દના અંત્ય વ્યંજન ઉપર અનુસ્વાર (અનુનાસિક વ્યંજન મ્) એટલે બિંદુ આવે છે. પરંતુ આમાં ચોવીસ તીર્થંકરનાં ચોવીસ નામ ઉપર ચોવીસ બિંદુ નથી આવતાં. સમાસની રચના કરવાથી બિંદુઓની સંખ્યા ઘટાડી શકાય છે. તેમ છતાં 'વંદે' અને 'વંદામિ' શબ્દમાં અને તીર્થંકરોનાં નામ ઉપર આવતાં બિંદુઓ મળીને કુલ ૩૫ બિંદુઓનું આયોજન આ ત્રણ ગાથામાં છે. પહેલી ગાથામાં બાર બિંદુ છે, બીજી ગાથામાં બાર બિંદુ છે અન ત્રીજી ગાથામાં અગિયાર બિંદુ છે, બિંદુના અનુનાસિક ઉચ્ચારણમાં વિશિષ્ટ નાદ અને કલા રહેલાં હોય છે. બિંદુની એ સૂક્ષ્મ અવસ્થાઓ છે. પરમાત્માનું ધ્યાન ધરતી વખતે એ બિંદુનો પણ ખ્યાલ રાખવાનો હોય છે. ઓમ્કાર બિંદુસંયુક્ત - એમ બિંદુનો સ્પષ્ટ અલગ નિર્દેશ કરીને બતાવ્યું છે કે પરમાત્માના નામનું ઉચ્ચારણ બિંદુયુક્ત જ્યારે કરવામાં આવે છે ત્યારે તે ભૌતિક દૃષ્ટિએ 'કામદં' – ઇચ્છાઓ પૂરી કરનાર અને 'મોક્ષદં' – મોક્ષ આપનાર નીવડે છે. (આ દર્શાવવા માટે કામદં અને મોક્ષદં શબ્દો પણ બિન્દુ સહિત પ્રયોજાય છે.)

લોગસ્સની આ ત્રણ ગાથામાં અવ્યય ચનો ઉપયોગ અગિયાર વખત કરવામાં આવ્યો છે. એમ દસ વખત ચનો અર્થ 'અને' થાય છે અને सुविहिं च पुप्फदंतंમાં ચનો અર્થ 'અથવા' થાય છે. સંસ્કૃત ભાષા એટલી અનુકળ છે કે આ ત્રણે ગાથામાં ચ અવ્યયનો ઉપયોગ ફક્ત ત્રણ-ચાર વખત કરવા ધાર્યો હોય તો પણ ચાલી શકે. પરંતુ આ ગાથાઓમાં ચનો ઉપયોગ વિશેષ ધ્યાન ખેંચે છે. ગાથા છંદની પંક્તિઓ લખતી વખતે ચ જેવો એક માત્રાવાળો વર્ણાક્ષર પાદપૂરક તરીકે ઉપયોગી થઈ શકે છે, તેમ છતાં એના અહીં થયેલા ઉપયોગમાં એક યોજના રહેલી છે. નામોની પહેલી ગાથામાં ત્રણ વખત ચનો ઉપયોગ થયો છે. એક, બે, કે ત્રણ તીર્થંકરોનાં નામ પછી જે ચ આવે છે, તેમાં સાત, ચૌદ અને એકવીસમા તીર્થંકર પછી ચ અવશ્ય આવે જ છે.

વળી લોગસ્સમાં ચ વ્યંજન ચંદ્રપ્રભુ તીર્થંકર चंदप्पहंના નામ ઉપરાંત चउवीसं, चंदेसु, आइच्चेसु જેવા શબ્દોમાં પણ વપરાયો છે. એ રીતે ચની બહુલતા, બિન્દુની બહુલતાની જેમ ધ્યાનપાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં ઋષભદેવથી શરૂ કરી વર્ધમાનસ્વામી સુધીનાં ૨૪ તીર્થંકરોનાં નામ ગણાવ્યાં છે. તેમાં સાત, ચૌદ અન એકવીસમા તીર્થંકરનાં નામ પછી જિણં શબ્દ પ્રયોજાયો છે. મંત્રરૂપ આ ગાથામાં જિણં શબ્દ આકસ્મિક રીતે કે માત્ર પાદપૂરક તરીકે પ્રયોજાયો નથી. તેમાં ચોક્કસ ધ્યેયપર્વકનું આયોજન છે. ચોવીસ તીર્થંકરોનાં નામ ત્રણ ગાથામાં આપવામાં આવ્યાં છે. તેમાં પ્રત્યેક ગાથામાં આઠ-આઠ તીર્થંકરોનાં નામ છે. એટલે કે ચોવીસની સંખ્યાનું ત્રણ ગાથામાં વિભાજન વ્યવસ્થિત અને ગાણિતિક રીતે થયું છે. તેવી જ રીતે જિણં શબ્દ સાત, ચૌદ અને એકવીસમા તીર્થંકર પછી આવે છે. તે શબ્દ પણ વ્યવસ્થિત રીતે અને ગણતરીપૂર્વક વિશિષ્ટ દૃષ્ટિથી પ્રયોજાયો છે. ચોવીસ તીર્થંકરોનાં નામ કુંડલિની જાગરણની દૃષ્ટિએ જો વિચારીએ તો મૂલાધાર પાસે રહેલી કુંડલિની શક્તિ લગભગ સાડા ત્રણ વલય અથવા વર્તુળની છે. સર્પના જેવું મુખ ધરાવતી શક્તિ અધોમુખ કરીને રહેલી છે. તેને જાગ્રત કરવા માટે, તેના ક્રમિક ઉત્થાન માટે પ્રત્યેક ચક્રમાં એક એક તીર્થંકરનું નામસ્મરણ – ધ્યાન કરીને જો ચિત્તની એકાગ્રતા સાધવામાં આવે તો કુંડલિની શક્તિ જાગ્રત થાય. આ રીતે પહેલા વર્તુળમાં ઋષભ (મૂલાધાર ચક્ર), અજિત (સ્વાધિસ્થાન), સંભવ (મણિપુર), અભિનંદન (અનાહત), સુમતિ (વિશુદ્ધિ), પદ્મપ્રભુ (આજ્ઞા), સુપાર્શ્વ (સહસ્રાર) એમ સાત તીર્થંકરોનાં નામોનું અનુક્રમે સ્મરણ-પ્રણિધાન કર્યા પછી જિણં શબ્દ બોલવા સાથે ઉપરથી ફરીથી નીચે મૂલાધારમાં ચિત્તને જોડવાનું છે. સહસ્રારમાં સંલગ્ન થયેલા ચિત્તને ઉપરથી ફરી નીચે મૂલાધારમાં સંક્રાન્ત કરવા માટે, અવરોહણ માટે, આવશ્યક સમય જિણં શબ્દના પ્રણિધાન દ્વારા પ્રાપ્ત થાય છે. અનુભવથી એની વિશેષ પ્રતીતિ થાય છે. આમ પ્રથમ વર્તુળ પૂરું થાય છે. ફરીથી ચંદ્ર (મૂલાધાર), સુવિધિ-પુષ્ફદંત (સ્વાધિસ્થાન), શીતલ (મણિપુર), શ્રેયાંસ (અનાહત) વાસુપૂજ્ય (વિશુદ્ધિ), વિમલ (આજ્ઞા), અનંત (સહસ્રાર) એ ક્રમે પ્રણિધાન કર્યા પછી ફરી જિણં બોલવા સાથે ઉપરથી નીચે મૂલાધારમાં ચિત્તને લઈ જવાનું છે. ત્રીજા વર્તુળમાં ધર્મ (મૂલાધાર), શાંતિ (સ્વાધિસ્થાન), કુંથુ (મણિપુર), અર (અનાહત), મલ્લિ (વિશુદ્ધિ), મુનિ સુવ્રત (આજ્ઞા), નમિ (સહસ્રાર) એમ ત્રીજું વર્તુળ પૂરું કરી જિણં શબ્દ બોલવા સાથે ઉપરથી નીચે ફરી મૂલાધારમાં ચિત્તને કેન્દ્રિત કરવાનું છે. ત્યારપછી અરિષ્ટનેમિ (મૂલાધાર), પાર્શ્વ (સ્વાધિસ્થાન) અને વર્ધમાન (મણિપુર) એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે ચોવીસ તીર્થંકરોનું નામસ્મરણ ચક્રોમાં જો ગણવામાં આવે તો વિશિષ્ટ શક્તિ આપનાર બને છે. તીર્થંકરોની કલા પણ સાડા ત્રણ ગણાવવામાં આવે છે. આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર બાકી રહેલાં અઘાતી કર્મમાં આયુષ્યકર્મ અડધું ભોગવવાનું બાકી હોવાથી સાડા ત્રણ કર્મ બાકી રહે છે અને તીર્થંકરનાં એ અઘાતી કર્મ પ્રશસ્ત પ્રકારનાં હોવાથી 'કલા' તરીકે ઓળખાય છે. એટલે સાડા ત્રણ વલય સાથે સાડા ત્રણ કલા જોડાયેલી છે. આમ લોગસ્સ સૂત્રની ગાથાઓ વિશિષ્ટ યોગપ્રક્રિયા સાથે સંકળાયેલી છે અને એનો મહિમા સવિશેષ છે

ત્રીજી ગાથામાં નવમા તીર્થંકર સુવિધિનાથનાં બે નામ આપવામાં આવ્યાં છે : (૧) સુવિહિ અને (૨) પુષ્ફદંત. શ્વેતામ્બરોમાં સુવિધિનાથ નામ વધુ પ્રચલિત છે. દિગમ્બરોમાં પુષ્ફદંત નામ વધુ પ્રચિલત છે. લોગસ્સમાં અન્ય કોઈ તીર્થંકરનાં બે નામ નથી આપવામાં આવ્યાં. સુવિધિ અને પુષ્ફદંત એ બે નામો આપવામાં આવ્યાં છે. એ બે નામોમાંથી કોઈ પણ એકનો વિશેષ નામ તરીકે અને બીજાનો વિશેષણ તરીકે અર્થ ઘટાવી શકાય છે. પરંતુ કર્તાએ બે નામ કેમ પ્રયોજ્યાં હશે તેનો કોઈ ખુલાસો નથી. છંદની દૃષ્ટિએ જરૂરી હશે એવું એક અનુમાન થાય છે. ચક્રોની દૃષ્ટિએ સુવિધિનાથનું ધ્યાન સ્વાધિસ્થાન ચક્રમાં આવે છે. એ ચક્રમાં ધ્યાનને વધુ દૃઢ કરવાનું કોઈ પ્રયોજન હશે એવું અનુમાન પણ થાય છે.

લોગસ્સ સૂત્રમાં પ્રત્યેક તીર્થંકરનું નામ વિશેષ નામ તરીકે છે. પરંતુ તદુપરાંત દરેક તીર્થંકરના નામનો વિશિષ્ટ અર્થ પણ છે. અને અર્થની દૃષ્ટિએ પણ તેનું માહાત્મ્ય છે, કારણ કે દરેક તીર્થંકરનું વિશેષ નામ અવશ્ય ગુણનિષ્પન્ન હોય છે. તીર્થંકરોનું ધ્યાન જો ચક્રોમાં કરવામાં આવે તો આ વિશિષ્ટાર્થની દૃષ્ટિએ પણ ઉચિત અને અર્થપ્રેરક બને છે. તે તે તીર્થંકરોનાં યક્ષ-યક્ષિણીનાં નામના વિશિષ્ટાર્થ પણ તે તે ચક્રોની દૃષ્ટિએ પણ બહુ જ સૂચક છે. આ ઘણો જ ગહન વિષય છે. જેમ જેમ પ્રણિધાન-અનુપ્રેક્ષા વધતાં જાય તેમ તેમ સાધકોને વધુ ને વધુ પ્રકાશ અને ઉઘાડનો અનુભવ થાય એવું આ લોગસ્સ સૂત્ર છે.

ચોવીસ તીર્થંકરોનાં નામનું સ્મરણ, રટણ અનુક્રમે એક એક ચક્રમાં પ્રણિધાનપૂર્વક કરવામાં આ રીતે સાડા ત્રણ વર્તુળ થાય છે. તેમાં પ્રથમ વર્તુળ દર્શનનું છે, બીજું વર્તુળ જ્ઞાનનું છે, ત્રીજું વર્તુળ ચારિત્રનું છે અને ચોથું અડધું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તુળ તપનું છે. ત્રણ વર્તુળ પૂરાં થાય તે પછીના અડધા વર્તુળમાં નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી એ ત્રણ તીર્થંકરોનું ધ્યાન ધરવાનું છે. એ ત્રણ તીર્થંકરોનાં જીવનનું અવલોકન કરીએ તો તેમાં બાહ્ય અને આભ્યંતર તપની મહત્તા સવિશેષ જણાશે. તપનું વર્તુળ અડધું જ છે, કારણ કે તપમાં વ્યક્તિએ પોતે જ પોતાના પુરુષાર્થ વડે આગળ વધવાનું છે.

લોગસ્સની અનુષ્ઠાનપૂર્વકની આરાધના પણ કરવામાં આવે છે. શુદ્ધ વસ્ત્ર, આસન વગેરે સાથે, ધૂપ, દીપ, પુષ્પ, વાસક્ષેપ વગેરે સાથે ચોવીસ તીર્થંકરનું ચિત્રપટ સન્મુખ રાખી લોગસ્સનું પઠન નિયત સમય માટે કરવાથી વિશેષ લાભ થાય છે.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ માટે પંચષષ્ઠી(પાંસઠિયો) યંત્રની રચના કરવામાં આવે છે. આડી અને ઊભી લીટીઓ દોરી પચ્ચીસ ખાનાંનું સમચોરસ યંત્ર બનાવવામાં આવે છે. અને તેમાં ૧ થી ૨૫ ના સંખ્યાંક એવી રીતે લખવામાં આવે છે કે ગમે તે બાજુથી સરવાળો કરતાં ૬૫ની સંખ્યા જ આવે. જુદી જુદી રીતે સંખ્યા ગોઠવી ઘણા પ્રકારનાં આવાં પાંસઠિયા યંત્રો બનાવવામાં આવે છે. આમાં મહાસર્વતોભદ્ર યંત્રમાં સંખ્યા એવી રીતે ગોઠવવામાં આવે છે કે બોંતેર જુદી જુદી રીતે ગણના કરતાં સરવાળો ૬૫નો જ આવે છે. આ યંત્રોમાં પ્રત્યેક સંખ્યાંક સાથે તે તીર્થંકરનું સ્મરણ-રટણ કરવામાં આવે છે અને ૨૫ના સંખ્યાંકમાં શ્રીસંઘને પ્રણામ કરવામાં આવે છે.

લોગસ્સ સૂત્રની પ્રત્યેક ગાથા સાથે આરંભમાં જુદાં જુદાં મંત્રબીજો જોડીને તથા છેડે પ્રાર્થના–યાચના જોડીને તેના એક કલ્પની રચના કરવામાં આવી છે, જે પ્રાચીન હસ્તપ્રતોમાં જોવા મળે છે. આ રીતે સાત ગાથાનાં સાત મંડલ બનાવવામાં આવ્યાં છે અને પ્રત્યેક મંત્રનો બ્રહ્મચર્યના પાલનપૂર્વક, દેહ-શુદ્ધિ તથા વસ્ત્રશુદ્ધિ સાથે, પૂર્વ દિશામાં કે ઉત્તર દિશામાં મુખ રાખીને કાઉસગ્ગ અવસ્થામાં બેસીને રોજ ૧૦૦૮ વાર અથવા તેની વિધિમાં દર્શાવ્યા પ્રમાણે, તેટલા દિવસ સુધી જાપ કરવામાં આવે તો ઇષ્ટફલની પ્રાપ્તિ કરાવનાર તે નીવડે છે. એ મંત્રો નીચે પ્રમાણે છે :

પહેલી ગાથા –

ॐ ह्रीँ श्रीँ ऐं लोगस्स उज्जोअगरे धम्मतित्थयरे जिणे अरिहंते कित्तइस्सं चउवीसं पि केवली मम मनोऽभीष्टं कुरु कुरु स्वाहा।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી ગાથા –

ॐ क्रां क्रीं ह्रीं ह्रीं उसभमजिअं च वंदे संभवमभिणंदणं च सुमइं च, पउमप्पहं सुपासं जिणं च चंदप्पहं वंदे स्वाहा।

ત્રીજી ગાથા –

ॐ ऐं हसौं झ्रौं झ्रौं सुविहिं च पुप्फदंतं सीयल सिज्जंस वासुपुज्जं च विमलमणंतं च जिणं धम्मं संतिं च वंदामि स्वाहा।

ચોથી ગાથા –

ॐ ह्रीं नमः कुंथुं अरं च मल्लिं वंदे मुणिसुव्वयं नमिजिणं च वंदामि रिट्ठनेमिं पासं तह वद्धमाणं च मनोवांछितं पूरय पूरय ह्रीं स्वाहा।

પાંચમી ગાથા –

ॐ ऐं ह्रीं ह्रीं एवं मए अभिथुआ विहुय-रय-मला पहीण-जरमरणा चउवीसं पि जिणवरा तित्थयरा मे पसीयंतु स्वाहा।

છઠ્ઠી ગાથા –

ॐ उ ग्रंवराय (?) कित्तिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिद्धा आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु स्वाहा।

સાતમી ગાથા –

ॐ ह्रीं ह्रीं आँ ज्रौं ज्रीं चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा सागरवरगंभीरा सिद्धा सिद्धिं मम दिसंतु मम मनोवांछितं पूरय पूरय स्वाहा।

આ કલ્પમાં દરેક મંત્રની અનુષ્ઠાનની વિધિ પણ દર્શાવવામાં આવી છે, તથા તે કેવા પ્રકારનું ફલ પ્રાપ્ત કરાવે છે તે પણ જણાવ્યું છે.

લોગસ્સ સૂત્રની આરાધના આમ વિવિધ દૃષ્ટિએ કરવામાં આવે છે.

લોગસ્સ સૂત્રનો મહિમા કેટલો બધો છે અને તેમાં સાધના માટેની કેટલી બધી સામગ્રી છે તે આના પરથી સમજાશે.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org